મહિલાને સંમોહિત કરીને યુવાન દાગીના બઠ્ઠાવી ગયો...!

સાંઈબાબાનાં નામે ૧૧ રૂપિયા પકડાવીને એમ.એસ. બિલ્ડીંગમાં મહિલાને સંમોહિત કરી હતી : સોનાની બુટ્ટીઓ લઈને પલાયન : પોલીસ ફરીયાદીને કહે છે કે આ ગુનો જ બનતો નથી...!

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના એમ.એસ. બિલ્ડીંગ ખાતે એક વિચિત્ર કિસ્સો બનવા પામ્યો હતો. એક મહિલા એમ.એસ. બિલ્ડીંગના બીજા મજલે ઉભી હતી. ત્યારે એક યુવાન સિંધી હોવાનું કહીને તેણીની પાસે ગયો અને સાંઈબાબાના નામે રૂ. ૧૧ પકડાવી પોતે જેમ કહે તેમ જ મહિલા કરે તેવી રીતે સંમોહિત કરી નાંખી અને સોનાની બુટ્ટીઓ લઈને પલાયન થઈ ગયો હતો. આ ગુના અંગે મહિલા પોલીસ ફરીયાદ કરવા ગઈ તો પોલીસ કહે છે કે આ તો ગુનો જ બનતો નથી...! વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુનાને દાખલ કરવો પડે તે માટે આમ જવાબ અપાયો કે બીજા કોઈ કારણોસર તે પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરની એક શાળામાં ધ્યુન તરીકે ફરજ બજાવતી મહિલા શહેરના બહુમાળી ભવન એમ.એસ. બિલ્ડીંગના બીજા માળે ઉભા હતા. તે દરમ્યાન તેમની પાસે એક યુવાન આવ્યો અને પોતે સિંધી છે. સાંઈબાબાને ૧૧ રૂપિયા ચઢાવવાના છે પરંતુ પોતે મંદિર જવા સક્ષમ ન હોવાથી તમે ચઢાવી દેજો ને પ્લીઝ..! તેમ કહીને ૧૧ રૂપિયા મહિલાને પકડાવી દીધા. મહિલાએ જેવા ૧૧ રૂપિયા પકડ્યા કે તરત જ તેણીને કાંઈક થઈ ગયુ અને યુવાન જેમ કહે તેમ કરવા લાગી. સંમોહિત થઈ ગયેલી મહિલાને યુવાન બિલ્ડીંગના સાતમાં મજલે લઈ જઈ રહ્યો હતો. સીડીઓ ચઢતી વખતે તેણીની પાસેથી સોનાની બુટ્ટીઓ માંગતા મહિલાએ તે પણ કાઢીને આપી દીધી હતી. અને યુવાનની પાછળ પાછળ સાતમા માળ તરફ જવા લાગી હતી. સાતમે માળે મહિલાના સ્ટાફના એક ભાઈ તેણીને મળ્યા અને પુછ્યું કે બેન તમે અહીં ક્યાંથી ? તેટલામાં તે ભાનમાં આવી ગયા અને ચોંકીને બોલી ઉઠ્યા કે હું અહીં ક્યાંથી ? તરત જ બુમ પાડી કે પેલો ભાઈ મારી બુટ્ટીઓ લઈ ગયો. એક તોલા વજનની સોનાની બુટ્ટી લઈને તે શખ્સ ફરાર થઈ ગયો હતો. ભોગ બનનાર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવવા ગયા તો પોલીસે જવાબ આપ્યો કે આ કોઈ ગુનો જ બનતો નથી...!! જેનાથી ફરીયાદી પણ ચોંકી ઉઠ્યા હતા. જો કે ઉલ્લેખનીય બાબત છે કે આ જ પ્રકારની મોડ્સ ઓપરેન્ડી વાપરીને ઘણા સમય પહેલા સે. ૩૦ વિસ્તારમાં ગુનો કરી એક ટોળકી ભાગી ગઈ હતી. જેમાં પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો પણ દાખલ કર્યો હતો તો આ કિસ્સામાં ગુનો બનતો ન હોવાનું જાણીને ફરીયાદી સ્તબ્ધ થઈ ગયા હતા.

ગાંધીનગરમાં ગાજવીજ સાથે ૨૧ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૧૫

ગઈકાલે રાત્રે ઠંડા પવન અને વીજળી સાથે શરૂ થયેલા વરસાદે અડધો કલાક વરસી ઠંડક પ્રસરાવી દીધી હતી. અડધો કલાકમાં ૨૧ મી.મી. વરસાદ પડતા મોસમનો કુલ વરસાદ ૫૮ મી.મી. પર પહોંચ્યો છે.

આખો દિવસ અસહ્ય બફારાથી ત્રાસેલા વસાહતીઓને રાત્રે સાડા સાત વાગ્યાથી શરૂ થયેલા ઠંડા પવનથી રાહત થઈ હતી. થોડીક જ વારમાં વીજળી સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. લગભગ અડધા કલાક સુધી એકધારો વરસાદ વરસ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જે પ્રમાણે વીજળી થતી હતી તેવો વરસાદ ન થતા થોડીક નિરાશા જરૂર થઈ હતી. ત્યારબાદ આજે સવારે સૂર્યએ દર્શન દેતા બફારો શરૂ થયો હતો. બપોર સુધીમાં તો અસહ્ય કહી શકાય તેવો બફારો થવા માંડ્યો હતો. આજે મહત્તમ તાપમાન ૩૭.૬ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજ સવારે ૯૨ ટકા અને સાંજે ૫૯ ટકા નોંધાયો હતો.

લેકાવાડા ગામેથી ૧૪ વર્ષીય કિશોર કોઈને કહ્યા વિના ચાલ્યો ગયો

ચિલોડા, તા.૧૫

ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગામના અજીતસિંહ સેંધાજી વાઘેલાના મકાનમાં રહેતા નામે પવનસિંહ હરજીન્દ્રસિંહ શીખ ઉ.વ. ૧૪ તા. ૧૨-૬-૨૦૧૩ના બે વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કહ્યા સિવાય ક્યાં ચાલ્યો ગયેલ છે. પવનસિંહ શીખ શરીરે પાતળા બાંધાનો, રંગે શ્યામ, મોઢું ગોળ તેમજ બદામી કલરની ચડી તથા સફેદ-જાંબલી કલરની ચોકડીવાળી આખી બાંયનું શર્ટ પહેરેલ છે. જેની ઊંચાઈ આશરે સાડા ચાર ફૂટની છે. છાતીમાં વાગેલાનું નિશાન છે. પવનસિંહ શીખ મંદબુદ્ધિનો છે. પંજાબી ભાષા જાણે છે. આમ પવનસિંહ શીખ ગુમ થયા અંગેની જાણવા જોગ અરજી ચિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધ થવા પામી છે.

જિલ્લાને મોડલ બનાવવા બેકીંગ ક્ષેત્રના અગ્રણીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર નાગરિક કો. ઓ. બેંક દ્વારા જિલ્લાની સહકારી બેંકોની બેઠક ફલડ આઈ.ટી. પ્રોજેક્ટની વિસ્તૃત વિચાર વિમર્શ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત અર્બન કોઓપરેટીવ બેન્કસ ફેડરેશનના સૌજન્યથી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક દ્વારા જિલ્લાની કોઓપરેટીવ બેન્કોની એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લાના પ્રત્યેક વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન મળી શકે તે માટે પરામર્શ હાથ ધરવામાં આવી હતી. જિલ્લાને મોડલ બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા તમામ સહકારી બેન્કોને ફલડ-આઈટી પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવી હોવાનું પણ જણાવાયું છે.

ધી ગાંધીનગર નાગરિક કોઓપરેટીવ બેન્ક લિ.ના મેનેજીંગ ડીરેકટર ઘનશ્યામ પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જિલ્લાની કોઓપરેટીવ બેન્કોના ચેરમેનોની બેઠક દરમિયાન જિલ્લાને મોડલ બનાવવા બેકીંગ ક્ષેત્રના અગ્રણીઓએ જરૂરી પરામર્શ હાથ ધરી હતી. આ તબક્કે જિલ્લાની સહકારી સંસ્થાઓના આગેવાનોને ફલડ-આઈટી અન્વયે મોડલ જિલ્લો બનાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જિલ્લાના ચારેય તાલુકાના ૨૮૨ ગામો, ૪ નગરપાલિકાઓ અને બેંક કોર્પોરેશન સહીત પ્રાથમિક શિક્ષણના ૧૩૧૮૮૩ માધ્યમિકના ૪૧૫૮૬ અને ઉચ્ચતર માધ્યમિકના ૬૭૮૫૮ સહીત ૨.૬૦ લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. જયારે જિલ્લામાં હાલ ૧,૦૬,૦૦૦ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરની જરૂરીયાત છે. જિલ્લામાં ગીફટસીટી સહિતના વિસ્તારમાં નજીકના સમયમાં કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે ત્યારે રોજગારી પણ ઉપલબ્ધ થશે.

જિલ્લાને મોડલ બનાવવા કોમ્પ્યુટરનું જ્ઞાન ખૂબ જ આવશ્યક છે ત્યારે સહકારી બેન્કો દ્વારા લેપટોપ સહીત કોમ્પ્યુટરો માટે વગર વ્યાજની લોન ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ બેઠક દરમિયાન ગાંધીનગર અર્બન કો.ઓ. બેંકસ ફેડરેશનના સી.ઈ.ઓ. આર.એમ. જોષી, વુડાના ચેરમેન એન.વી. પટેલ ફેડરેશનના કન્સલટન્ટ મુકેશભાઈ શાહ જિલ્લા સહકારી સંઘના ચેરમેન કોદરભાઈ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ પૂર્વ ડીરેકટર મનુભાઈ પટેલ, ઉદયભાણસિંહ ઈન્સ્ટીટયુટના ડાયરેકટર પરેશ પટેલ સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કીક બોકિંસગ સ્પર્ધામાં સ્વામીનારાયણ શિશુ વિદ્યાલયને રાષ્ટ્રકક્ષાએ મેડલ

મહારાષ્ટ્રમાં પમી સબ જુનિયર કીક બોક્સીંગ સ્પર્ધા યોજાઈ હતી. સ્વામિનારાયણ શિશુ વિદ્યાલયમાં ધોરણ-૫માં અભ્યાસ કરતા વિશાળ થોરાત લાર્જ ગ્રુપમાં ધોરણ-૮માં અભ્યાસ કરતી ઋતુશ્રી વિશાળ થોરાત ૪૪ કિ.ગ્રા. વજનમાં રાષ્ટ્રમં તૃતીય સ્થાન મેળવીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. આચાર્ય ચીનુભાઈ પટેલ તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ચોમાસા પૂર્વે સે. ૧ના તળાવની તંત્રએ સફાઈ કરી ચોખ્ખુ કર્યું !

ચોમાસા દરમિયાન તળાવની રોનક નિખારવા પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૫

સે. ૧ના તળાવને પિકનીક સ્પોટ સમાન બનાવવાની કાર્યયોજનાને સાત વર્ષના અંતે પણ આખરી ઓપ આપી શકાયો નથી. ત્રણ વર્ષથી તૈયાર થઈ ગયેલા તળાવની રોનક ચોમાસા દરમિયાન પણ નિખરતી નથી. ત્યારે વરસાદી દિવસોને ધ્યાને લઈ તંત્ર દ્વારા તળાવમાં ઉગી નીકળેલા ઝાડી-ઝાખરાઓની સફાઈ કરવામાં આવી નથી.

સે. ૧માં તળાવને વિકસાવવાનું કામ તંત્ર દ્વારા ૭ વર્ષ પૂર્વે શરૂ કરાયું હતું. આમ છતાં એક દાયકા જેટલો સમય થવા આવ્યો પરંતુ તળાવને પીકનીક સ્પોટ સમાન બનાવવાની યોજના હજુ પરિપૂર્ણ થઈ નથી. તળાવ નિર્માણનું કામ પૂર્ણ કરાયા બાદ આસપાસ બગીચો તેમજ લાઈટીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જ્યારે હાલની સ્થિતિએ ફૂડકોર્ટ બનાવવાનું કામ પણ શરૂ કરી દેવાયું છે. સહેલાણીઓ માટે ખાણી-પીણીના વિવિધ ૫ સ્ટોલ્સ બનાવવાનું કામ હાથ ધરાયું છે. તળાવ તૈયાર થઈ ગયા બાદ ત્રણ વર્ષના અંતે પણ સેક્ટરવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની શક્યું નથી. ગત ચોમાસા દરમિયાન પણ તળાવમાં પાણીના ભરાવા સંદર્ભે અધિકારીઓ દ્વારા સ્થળ નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે પણ ચોમાસા પૂર્વે તળાવમાં ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરા તેમજ ગંદકી ઉલેચવા તંત્ર દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

(તસ્વીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

પ્રાંતિજ તાલુકાના ઓરાણ હાઈસ્કુલમાં શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી

ગુજરાત રાજયમાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના દ્વિતિય દિને પ્રાંતિજ તાલુકાના શેઠ એમ.કે. ઓરાણ હાઈસ્કૂલ ખાતે ધો-૯માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશવિધિ પ્રસંગે શાળાની બહેનોએ પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેમાં શિક્ષણ નિરીક્ષક શ્રીમતી સ્મિતાબેન પટેલની ઉપસ્થિતિમાં બાળકોને કુમ કુમ તિલક, સાકરથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો, મહેમાનોના હસ્તે ચોપડા અને પેન આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી ડૉ. કે.એન. રાઠોડ સાહેબે મહેમાનોનું સ્વાગત પ્રવચન તથા બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના કેળવણી મંડળના મંત્રીશ્રી મહેન્દ્રભાઈ જૈન, તાલુકા સદસ્ય કે.જી. રાઠોડ સીતવાડા, ઓરાણ, અનવરપુરા ગામના સરપંચશ્રીઓ, સલાલ રાસલોડ સર્વોદય હાઈસ્કૂલ, બાલીસણા ગામની હાઈસ્કૂલના આચાર્યશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે શિક્ષણ નિરીક્ષક શ્રીમતી સ્મિતાબેને પ્રાસંગિક પ્રેરણાદાયી પ્રવચન કર્યું હતું. અંતમાં આભારદર્શન શ્રી એમ.કે. પટેલે તથા સમગ્ર સમારંભનું સફળ આયોજન અને સંચાલન શ્રી નટુભાઈ પટેલે કર્યું હતું.

મધ્યમ વર્ગની કમર પર મોંઘવારીનો વધુ એક ફટકો

સ્કૂલ-વાન ચાલકો દ્વારા ભાડામાં ૩૫૦ ટકાનો તોતિંગ વધારો ઝીંકાયો

ગાંધીનગર, તા. ૧૪

અસહ્ય મોંઘવારીમાં પિસાતા મધ્યમવર્ગના ખિસ્સા પર સ્કૂલ વાન ચાલકોએ ભાડામાં અધધ... કહી શકાય તેવો લગભગ ૩૫૦ ટકાનો તોતિંગ ભાવ વધારો ફટકાર્યો છે. વાલીઓની મજબૂરીનો મોંઘવારીના નામે ફાયદો ઉઠાવતી આ કોશીષ સામે બાળકોની સુરક્ષા કે સગવડમાં હજુ પણ બેદરકારી સેવવામાં આવી રહી છે.

મોંઘવારીના એક પછી એક કારમાં ઘા સહન કરતા મધ્યમવર્ગ માટે વધુ એક આંચકાજનક પરિસ્થિતિ નિર્માણ થવા પામી છે. સ્કૂલવાન અને રીક્ષા ચાલકોએ ફ્યુઅલ અને અન્ય ચીજવસ્તુઓના ભાવવધારાના બહાના હેઠળ લગભગ અસહ્ય કહી શકાય તેવો ભાડાવધારો ઠોકી બેસાડ્યો છે જેથી વાલીઓમાં આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. હજુ બેદિવસ પહેલા શરૂ થયેલા નવા સત્રની શરૂઆતમાં જ સ્કૂલ ફી, પુસ્તકો અને સ્ટેશનરીના ભાવવધારા પછી વાલીઓ માટે આ ભાડા વધારાએ દુઃખદ સ્થિતિ ઉભી કરી છે. વાહનચાલકોએ છેલ્લી ઘડીએ ભાડા વધારાની જાણ કરી તેમનું બજેટ ખોરવી નાંખ્યું છે. સ્કૂલો ચાલુ થઈ જવાના કારણે વાલીઓને બાનમાં મુકાયા જેવી લાગણી થઈ છે અને ના છૂટકે વિદ્યાર્થીઓની સ્કૂલ ના બગડે તેથી આ વધારો સહન કર્યા વગર છુટકો રહ્યો નથી. પરંતુ વાલીઓમાં આ બાબતે તિવ્ર આક્રોશ ફેલાઈ રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે. વળી, સ્કૂલવાન ચાલકો સંગઠિત થઈ ભાવ વધારો કરતા હોવાથી વાલીઓ માટે દયામણી પરિસ્થિતિમાં છેતરાયાની લાગણી પણ થઈ રહી છે. કમરતોડ ભાવવધારો ચુકવવા છતાં બાળકોની સુરક્ષા અને સગવડના નામે મીંડુ જ રહેવા પામ્યું છે. વાહનોમાં બાળકોને હાલ પણ ઘેંટા-બકરાની જેમ ભરવામાં આવે છે. સુરક્ષાના તમામ નિયમોની ઐસીતૈસી કરીને વાહન હંકારવામાં આવે છે. બેફામ ઓવર સ્પીડીંગ કરવું અને ચાલુ વાહને મોબાઈલ પર વાતો કરવી એ આ ચાલકો માટે ખૂબ સામાન્ય બાબત બની ગઈ છે. જો કે વાલીઓને આમા ટ્રાફિક પોલીસના આંખ મિચામણા પણ દેખાઈ રહ્યા છે.

વધુમાં વાલીઓને એ બાબતે પણ આક્રોશ છે કે ઉનાળાના વેકેશન દરમ્યાન લગભગ બે મહીના સ્કૂલો બંધ રહેવા છતાંતે મહીનાનું પણ પુરુ ભાડુ જ ચુકવવું પડે છે તેમજ તેના બદલામાં સમરકેમ્પના કલાસ માટે પણ ના પાડી દેવામાં આવે છે. અને આ સમય દરમ્યાન વાનચાલકો બીજી વર્ધીઓ કરી પૈસા કમાતા હોવા છતાં વાલીઓને રાહત કે ડીસ્કાઉન્ટ આપવામાં આવતુ નથી. વાલીઓ દ્વારા વિરોધનો વાન ચાલકો એસોસિએશન બનાવીને અન્ય વિકલ્પ છોડતા ના હોવાથી ગણકારતા નથી. હવે તંત્ર દ્વારા આ બાબતે કોઈ પગલા લેવામાં આવે તેવી વાલીઓ આશા રાખી રહ્યા છે. તો કેટલાક વાલીઓમાં તંત્રની ઉદાસીનતા આગળ કરીને જાતે જ એકત્રિત થઈ અવાજ ઉઠાવવા અંગે વિચાર-વિમર્શ થઈ રહ્યો છે. તેમજ થોડા સમય માટે બહિષ્કારક શસ્ત્ર ઉઠાવવાની પણ વાત થઈ રહી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૧૩

તાપમાન

મહત્તમ : ૩૭.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૫૯ ટકા
વરસાદ ૨૧ મી.મી, મૌસમનો કુલ વરસાદ ૫૮ મી.મી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મેન ઓફ સ્ટીલ ડી (હિન્દી): ૧૦.૨૦, ૧.૨૦,૪.૨૦, ૭.૨૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હૈ દિવાની ૨ : ૯.૧૫, ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મેન ઓફ સ્ટીલ ૨ડી (હિન્દી) : ૯.૦૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૦૦, ૩.૦૦, ૯.૦૦
યે જવાની હૈ દિવાની : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
ફુકરે : ૮.૫૦, ૧૧.૩૫, ૨.૨૦, ૫.૦૫, ૭.૫૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

ફુકરે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મિ. અવતાર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ફુકરે : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મેન ઓફ સ્ટીલ : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
અંકુર અરોરા મર્ડર કેસ : ૧૦.૦૦,
યમલા પગલા દીવાના-૨ : ૧૨.૧૫, ૬.૧૫
યે જવાની દીવાની : ૩.૧૫, ૯.૧૫

ચિરાગ, કલોલ

પ્રીત છૂટે નહિ સાથ છૂટે નહિ - ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : કેરિયરના મુદ્દાઓ અને નવી શકયતાઓની સાથે તમે બિલકુલ યોગ્ય દિશામાં જઈ રહ્યાં છો. આર્થિક રોકાણ સમજી વિચારીને કરવું. મિત્રોની સાથે સમય પસાર થશે. કૌટુંબિજનો સાથે વાદવિવાદ ટાળવો.

વૃષભ : કોઈ સહયોગીનું અસામાજિક વલણ તમારી નોકરીમાં અડચણ ઉભી કરશે. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

મિથુન : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

કર્ક : યાત્રાની એક સારી તક આવી રહી છે, પણ બની શકે કે એના માટે તમારે કોઈ કિંમત ચૂકવવી પડે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમ પૂર્વક ઉકેલવી. ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

સિંહ : આજનો દિવસ તમારી કાર્ય-યોજનાઓ અને સહકર્મીઓની સાથે તમારા સંબંધોની માટે સકારાત્મક સાબિત થશે. મિત્રોના સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના છે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો.

કન્યા : તમારી સૂક્ષ્મ દૃષ્ટિ અન્ય માટે મદદગાર સાબિત થશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

તુલા : અવ્યવસ્થાઓ તમારી યોજનાઓના અમલીકરણને વિલંબિત કરી શકે છે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્તિ મળી શકે છે.

વૃશ્ચિક : જો તમે કોઈ યોજનાનાં સંબંધમાં સહયોગ ઈચ્છો તો કહેવામાં ન અચકાશો. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે.

ધન : સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપા રમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મકર : આજે થોડો વિશ્રામ લેવો અને ચિંતન કરવું. બુદ્ધિના ઉપયોગથી કાર્ય વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવનાઓ રહેલી છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે.

કુંભ : જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. ધ્યાન, સમાધિ, ગુપ્તજ્ઞાન સંબંધી કાર્યો થશે. રાજકારણમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

મીન : કુટુંબીજનોની સાથે કરેલી વાતચીત એકબીજાની જરૂરિયાતોને સમજવામાં મદદરૂપ થઈ શકે છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

ચિરવિદાય

- સ્વ.તખુભા જશુજી ચૌહાણ (ઉ.વ.૩૧) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. કંકુબેન તેજાજી વણજારા (ઉ.વ.૪૫) મુ.કભોડા, હુડકા આવાસ, તા.જી.ગાંધીનગર.
- સ્વ. હિરાબેન બળદેવભાઈ પટેલ (ઉ.વ.૭૩) ગામ. ચાંદીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર.